# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૮ — ૮ ઓક્ટોબર, ૨૦૨૧, શુક્રવાર; આસો સુદ - ૨ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# શ્રીનગરની શાળામાં બે શિક્ષકોની આતંકી દ્વારા હત્યા

**સ્ટાફના અન્ય સભ્યો સાથે બંને શિક્ષક બેઠા હતા ત્યારે આતંકવાદીઓએ નામ પુછીને બંને શિક્ષકોને અલગ અલગ કરીને તેમને ઠાર કર્યા હતા : જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કરાતા આઈએસઆઈ રઘવાયું બન્યું**




જમ્મુ, તા.૭

જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યા બાદ કુખ્યાત આઈએસઆઈ ખૂબ જ રઘવાયું થયું છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનનો કબજો અને કાશ્મીર વેલીમાં ધ રેઝિસ્ટન્સ ફોર્સના નામે આતંકના નવા ચહેરાનો ઉદય સાથે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદનો ખતરનાક ટ્રેન્ડ ચાલું થયો છે. તે છે ટાર્ગેટેડ કિલિંગ. હવે આતંકીઓના નિશાને નાગરિકો છે અને તે પણ બિન મુસ્લિમ હિંદુ કાશ્મીરી પંડિતો અને શીખ કોમના અથવા તો બહારથી આવીને કાશ્મીરમાં વસેલા લોકો, આ કેટલાક અંશે ૯૦ના દાયકામાં સમગ્ર કાશ્મીરમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો જન્મ થયો તેના જેવું છે અને વીણી વીણીને કાશ્મીરી પંડિતોની હત્યાઓ કરવાનું શરું થયું હતું.

શ્રીનગરના નામાંકીત કાશ્મીરી પંડિત માખનલાલ બિન્દ્રુની એક ડરપોકની જેમ મોઢું છુપાવીને ઘાત લગાવીને હત્યા કરવાનો મામલો હજુ ઠંડો થયો ન હતો કે ગુરુવારે શ્રીનગરમાં જ શાળાની અંદર બે શિક્ષકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી. છેલ્લા એક સપ્તાહમાં આતંકીઓએ ૭ નાગરિકોની હત્યા કરી છે.


● અનુસંધાન પાન-૭ પર


# પાકિસ્તાનમાં ૬.૦ તીવ્રતાનો ભૂકંપ

**૨૦નાં મોત : રાત્રે ૩:૩૦ વાગ્યે ધરતી ધ્રૂજતા ઘણા લોકો ઊંઘમાં જ મોતને ભેટ્યા : હરનઈની હોસ્પિટલોમાં વીજળી નથી, ત્યાં ઘાયલ લોકોના પરિજનો મોબાઇલ ટોર્ચના પ્રકાશથી સારવાર કરાવી રહ્યા છે**

ઈસ્લામાબાદ,તા.૭

દક્ષિણ પાકિસ્તાનના હરનઈ વિસ્તારમાં ગુરૂવારે ભૂકંપનો જોરદાર આંચકો અનુભવાયો છે. પાકિસ્તાની મીડિયા મુજબ, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૦ માપવામાં આવી. ભૂકંપનમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા છે. અનેક લોકો ઘાયલ થવાના પણ અહેવાલ છે. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી મુજબ, ભૂકંપના આંચકા આજે સવારે ૩:૩૦ વાગ્યે અનુભવાયા છે.

ભૂકંપનું કેન્દ્ર લગભગ ૨૦ કિલીમીટર (૧૨ માઈલ) જમીનની નીચે હતું. હરનઈ પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આવેલું છે. ભૂકંપના તાજા આંચકાઓથી અનેક મકાનોને પણ નુકસાન પહોંચ્યું છે. તેની તીવ્રતા ઘણી તેજ હતી અને આસપાસના અનેક જિલ્લાઓમાં નુકસાનની વાત સામે આવી રહી છે.


● અનુસંધાન પાન-૭ પર




# બારાબંકીમાં બસ અને ટ્રકની ટક્કર થતાં ૧૪નાં મોત

**ઉત્તર પ્રદેશના બારાબંકીમાં ગમખ્વાર અકસ્માત : દિલ્હીથી બહરાઈચ જતી બસ ટ્રક સાથે ટકરાંતા અનેક ઘાયલ, મૃતકોને બે લાખ, ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય**

બારાબંકી , તા.૭

ઉત્તરપ્રદેશના બારાબંકી જિલ્લામાં ગુરુવારે સવારે એક રોડ અકસ્માત થયો હતો, જેમાં અત્યાર સુધી ૧૪ લોકોનાં મૃત્યુ થયા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, આ દુર્ઘટનામાં એક ટૂરિસ્ટ બસ અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કર થઈ ગઈ હતી. દુર્ઘટનામાં બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. મૃતકોની સંખ્યા અત્યારે ૧૪ જણાવવામાં આવી રહી છે, પરંતુ આ સંખ્યા વધવાની શક્યતા છે.




બારાબંકીમાં આ દુર્ઘટના દેવા વિસ્તારમાં ગુરુવારે સવારે રાજધાની લખનઉ પાસે આવેલા કિસાન પથ પર બની હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર, દિલ્હીથી બહરાઈચ જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસ અને એક ટ્રકની આમને સામને ટક્કર થઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધી ૧૪ લોકોનાં મોત થયા છે. અનેક લોકો ઘટનામાં ઈજાગ્રસ્ત થયા હોવાની જાણકારી મળી છે.

આ પહેલા બારાબંકીના ડીએમ અને એસપીએ દુર્ઘટનાની જાણકારી આપી હતી. તમામ ઈજાગ્રસ્ત લોકોને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણકારી મળ્યા પછી પોલીસ ફોર્સ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા. નોંધનીય છે કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યુ છે. તેમણે ટ્વિટ કરીને લખ્યું છે કે, બારાબંકીમાં રોડ અકસ્માતમાં થયેલા નાગરિકોના મૃત્યુ અત્યંત દુખદ છે. મારી સંવેદનાઓ મૃતકોના પરિવાજનો સાથે છે. પ્રભુ શ્રી રામને પ્રાર્થના છે કે દિવંગત આત્માઓને શાંતિ આપે અને ઈજાગ્રસ્તો વહેલીતકે સાજા થઈ જાય. મૃતકોના પરિવારજનોને ૨ લાખ રુપિયા તથા ઈજાગ્રસ્ત લોકોને ૫૦ હજાર રુપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.


